Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-13, Issue-4, March-2020

# ગુજરાતના વાવ સ્થાપત્યમાં મહિલાઓનું યોગદાન

**મોતીભાઈ એચ. દેવું**

મદદનીશ પ્રાધ્યાપક, ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા, તા-જિ–ગાંધીનગર.

ગુજરાતએ ઐતિહાસિક સંસ્કૃતિની ભૂમિ ગણવામાં આવે છે. ગુજરાતમાં પ્રાચીન સમયથી બ્રિટીશકાળ સુધીમાં અનેક મહત્વના સ્થાપત્યો બનાવ્યા. હિંદુ, જૈન, ઇસ્લામી શાસન કર્તાઓએ ધાર્મિક સ્થાપત્યો બનાવ્યા પરંતુ પ્રજા ઉપયોગી સ્થાપત્યોમાં ભવનો, તળાવો અને સૌથી મહત્વના સ્થાપત્યમાં વાવ બનાવી. વાવ બનાવવા પાછળના કેટલાક પરિબળો જવાબદાર હતા. ગામના લોકો માટે પાણી મેળવવું એક અનોખું સમુદ્ધ સ્થાપત્ય છે. અને વિસામા, આરામ અને નહાવાની સગવડ માટે વાવ એ ખુબ જ ઉપયોગી થઇ રહેલી. વાવોમાંથી મળી રહેલા અભિલેખોએ મહત્વપૂર્ણ બાબત છે. તેમાં અભિલેખ દ્વારા વાવના ભવ્ય ઈતિહાસ, વાવ બનાવવાનો ખર્ચ, બનાવનારનું નામ, મહત્વ, ઉપયોગ પ્રસ્તુત કરે છે. અભિલેખો પરથી સાંસ્કૃતિક અને રાજકીય ઇતિહાસની કડીઓ મેળવવા માટે ઉપયોગી થાય છે. રાજકીય ઇતિહાસમાં વંશાવલી, રાજ્યની ભવ્યતા, શાસનકાલ, કલા-સ્થાપત્યની સૂઝ તેમજ શ્રીમંતો પોતાના પૈસા કયા અર્થમાં ખર્ચ કરતા તે તેમનો ઉદેશ વાવ બનાવી જનહિતાર્થે કાર્ય  તેમજ દાન ધર્મના ઉલ્લેખ જાણી શકાય છે.  પાણીને સાચવવા માટે ઘણા ખરા વિસ્તારમાં જળ સ્થાપત્યનો વિકાસ થયો છે. સ્થાપત્યની દૃષ્ટિએ સૌથી વધારે વાવ અને તળાવ સ્થાપત્યનું નિર્માણ થયું તેવું અનુમાન ધરાવવામાં આવે છે. કહેવાય છે કે વાવ રાજા, રાજ્યના શાસન, અધિકારીઓ, દાસીઓ, વેપારીઓ, વણિક, વણઝારા, જાતિના લોકો અને મહિલાઓએ તેમજ સાધુ વગેરે એ પણ વાવ બનાવી અને પોતાને જોઈએ તેવી રીતે પાણી બચાવવાનો પ્રયત્ન કર્યો છે.

**ગુજરાતનું વાવ સ્થાપત્ય અને મહિલાઓ**:

ગુજરાતમાં વાવ સ્થાપત્યમાં મહિલાઓએ પણ યોગદાન આપ્યું છે. જેવી કે રાણીઓ, દાસીઓ, સાસુ, વહુ વગેરેએ બનાવેલ સ્થાપત્યમાં વાવ ઘણી છે. કારણ કે મહિલાઓને પાણી સાથે ઘણો સબંધ રહ્યો છે. વાવ સ્થાપત્યના અભ્યાસથી જાણવા મળ્યું કે અહીં નંદા, ભદ્રા, જયા, વિજયા પ્રકારની વાવ છે. કુદરતી આફતો, વાવમાં પાણી ન હોવાથી તેમજ સમય જતા વાવ પુરાઈ ગઈ, અવાવરું થઇ ગઈ તેમજ તૂટી ગઈ છે.

ગુજરાતમાં વાવ સ્થાપત્યમાં મહિલાઓનું મહત્વનું યોગદાન રહ્યું છે. ગુજરાતમાં આવેલ વાવોમાં મહિલાઓએ બંધાવેલી વાવોમાં મંજુસરની વાવ, રાણીની વાવ, માતા ભવાનીની વાવ, ડુમલાલ ભાગોળની વાવ, મિલન વાવ, લાખું વાવ, ગંગાવાવ, ભદ્રકાળી વાવ, મીનળ દેવી વાવ,

સુઢા વાવ, ધંધુસરની વાવ, હાની વાવ, ધોળકાવાવ, અડાલજની વાવ, જેગડવા વાવ, દાદા હરિહરની વાવ, વેળાવદરની વાવ, રોહોની વાવ, ગાંગની વાવ વગેરે વાવો મહિલાઓએ બંધાવી હતી. આ વાવોમાં રાણકી વાવ પાટણ અને અડાલજની વાવ સ્થાપત્ય કલાના ઉત્કૃષ્ઠ નમુના તરીકે ગણવામાં આવે છે. સ્થાપત્યની દૃષ્ટિએ રાણીની વાવ, અડાલજની વાવ ઘણી સુંદર અને આકર્ષિત છે. ઐતિહાસિક દૃષ્ટિએ ગંગાવાવ, રાજબાઇની વાવ, મીનળવાવ ઘણી પ્રખ્યાત છે. વાવમાં શિલ્પો અને શેષાઈ, વિષ્નુના, નવગ્રહ, હનુમાન અને શિવપાર્વતીના શિલ્પો જોવા મળે છે. આ વાવ શિલ્પોની દૃષ્ટિએ ઘણી જ સમૃદ્ધ છે. વાવનું બાંધકામ રેતીયાળ લાલ અને સફેદ પથ્થરથી બનેલી છે. વાવ સ્થાપત્યની દૃષ્ટિએ જોતા ગુજરાતમાં મહિલાઓએ લગભગ ૨૪ વાવ બનાવી છે.

રાણકી વાવ પાટણ:

પાટણની રાણકી વાવને વિશ્વ વારસાના સ્થળ તરીકે જાહેર કરીને બહુમાન આપવામાં આવ્યું છે. આ વાવને યુનેસ્કો દ્વારા 2014માં વર્ડ હેરીટેજ સ્થળ તરીકે ગણાવતા પ્રવાસન સ્થળ તરીકે હવે તે વિશ્વ વિખ્યાત પામશે કારણકે વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં સતત વધારો થવાનો અને દરેકની નજર પણ તેના તરફ ગઈ છે. વિશ્વ વારસાના સ્થળ તરીકે ૨૦૧૪માં પાટણમાં આવેલી રાણકીવાવને સ્થાન આપવામાં આવ્યું છે. ગુજરાતમાં વર્લ્ડ હેરીટેઝ સાઈટમાં પ્રથમ ૨૦૦૪માં ચાંપાનેરના સ્થાપત્યોને સ્થાન મળ્યું તેના પછી ગુજરાતનું એવું મહત્વનું જળ સ્થાપત્ય છે જે તેની પ્રાચીનતા, કલાકારીગરી બેનમૂન નમૂનારૂપ પાટણની રાણકીવાવ વર્લ્ડ હેરીટેઝ સાઈટ તરીકે જાહેર થતા ગુજરાત, ભારતનું ગૌરવ વધાર્યું છે. યૂનેસ્કો દ્વારા કતારના પાટનગર દોહામાં આયોજિત વર્લ્ડ હેરીટેઝ કમિટી સેશનમાં યૂનેસ્કોએ પાટણની રાણકી વાવને ભૂગર્ભીય જળની જાળવણી માટેના તકનીકી વિકાસના ઉદાહરણ સમાન ગણી રાણકી વાવને જળ સ્થાપત્યનું વિશિષ્ટ સ્થાન આપ્યું. પુરાતત્વ ખાતા દ્વારા તેને આરક્ષિત સ્મારક તરીકે જાહેર થયેલું સ્મારક હતું. ૧૧ મી સદીનું જળ સ્થાપત્ય તરીકે પાટણની વાવ ઉત્કૃષ્ઠ કલાનો બેનમુન નમુનો છે.

ભીમદેવ પહેલાની રાણી ઉદયમતીએ ભીમદેવ (ઈ.સ.૧૦૨૨-૧૦૬૪) ના અવસાન પછી ના સમય ગાળા દરમ્યાન રાણકી વાવ બંધાવી હોવાનું મનાય છે.[1] ઉદયમતીએ પોતાના પતિના યાદમાં સ્મારક તરીકે આ વાવ બંધાવી હતી. આ વાવની સ્થાપત્ય-કલાના અદ્વિત્ય નમૂના તરીકે ગણના થાય છે. તેનું શિલ્પ અને સ્થાપત્ય જગતની અજાયબીઓની સરખામણીમા ઉત્કૃષ્ઠ કક્ષાનું ગણાય છે. રાણી ઉદયમતી કળા પ્રેમી હતી. જેનો ખ્યાલ આ વાવના સ્થાપત્ય અને શિલ્પ સમૃદ્ધિ જોતા જણાય છે. રાણકી વાવની હાલની ઈમારત જોતા સ્પષ્ટ દેખાય છે. આ વાવ સાત માળ વાળી પુર્વાભિમુખ છે. રાણકી વાવમાં ઘણા બધા સ્થાપત્યો છે. હજારોની સંખ્યામાં ઉત્કૃષ્ઠ કોતરકામના નમૂના છે. આખા પટનાયક કોતરેલા છે. બાર શાખની પથ્થરની આડી પાટો પણ કોતરણીથી ભરપુર

છે. ટેકા માટેના કીચડો પણ કલાત્મક રીતે કંડારેલા છે. રાણકી વાવના સ્થાપત્યમાં અંતરાલ, અગાસી, સ્તંભો, પાટડીઓ, તોરણ, મંડપ, વાવનો કુવો વગેરે જોવા મળે છે.

અડાલજની વાવ :

અડાલજની વાવ ગુજરાત રાજયના ગાંધીનગર જિલ્લાના અડાલજ ગામમાં આવેલી છે. ગુજરાતમાં હાલમાં અસ્તિત્વ ધરાવતી વાવોમાં આ વાવ ઘણી સુંદર છે. ગુજરાત રાજયના નેશનલ હાઈવે નંબર-૮ અને અમદાવાદ કલોલ રાજય ધોરીમાર્ગના ચાર રસ્તાથી ૧ કી.મી દુર દક્ષિણમાં આ વાવ આવેલી છે.[2]

અડાલજની વાવ ઈ.સ.૧૪૯૯(વિ.સં.૧૫૫૫)માં મહમૂદ બેગડાના રાજયકાળમાં બંધાઈ હતી.વાવ દક્ષિણ-ઉત્તર બાંધેલી છે. દક્ષિણ દિશાએ આવેલા વાવના પ્રવેશમાં દાખલ થતા ઉપલે મજલે જમણી બાજુ પરના એક ગોખલામાં આ વાવના બાંધકામને લગતો શિલાલેખ આવેલો છે. આ લેખ પંદરમી સદીની નાગરી લીપીમાં કોતરેલો છે. લેખમાં ૨૭ પંક્તિ છે. એમાંથી છેલ્લી ત્રણ પંક્તિ એ સમયની ગુજરાતી ભાષામાં લખેલી છે. લેખનો બાકીનો બધો ભાગ સંસ્કૃત ભાષામાં લખેલો છે. સંસ્કૃત ભાષાના લખાણનો મોટોભાગ પદ્યમાં રચેલો છે. માત્ર ત્રણ-ચાર પંક્તિ જ ગદ્યમાં છે. પદ્યમાં કુલ ૧૬ શ્લોક છે. લેખમાં શરૂઆતમાં આ વાવ બંધાયાની મિતિ આપવામાં આવેલી છે. આ વાવમાં વિક્રમ સંવત ૧૫૫૫ ઈ.સ.૧૪૯૯ ની સાલનો સંસ્કૃત ભાષામાં લખાયેલો લેખ છે. તેના લખાણ પરથી જાણવા મળે છે કે દંડાહી પ્રદેશ હાલના કલોલ વિસ્તારના વાઘેલા રાજવી મોકલસિંહના પુત્ર કર્ણના પુત્ર મુલરાજના પુત્ર મહીપના પુત્ર વીરસિંહની રાણી અને વેણદેશ હાલના નડિયાદ વિસ્તાર ના રાજવીની સુપુત્રી રુડાદેવીએ પોતાના પતિના શ્રેયાર્થે માઘ સુદ ૫(પાંચમ)ને બુધવારના દિવસે આ વાવ બંધાવી એવી મિતિ છે.[3] વાવને પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ ત્રણ પ્રવેશ દ્વાર મુખ છે. અને તેથી તે જ્યાં પ્રકારની વાવ ગણાય છે. આ વાવ બાંધનાર મુખ્ય સ્થપતિ શ્રી માળી જ્ઞાતિના ભીમાપુત્ર માણસ હતા. દક્ષિણ દિશામાં વાવનું મુખ્ય પ્રવેશદ્વાર છે. વાવ ભૂગર્ભમાં પાંચ માળની છે. અને પાંચમો માળ પાણીની સપાટી નીચે છે. આ વાવને નવ ફૂટ છે. ચાર મંડપ છે. [4]

વાવની કુલ લંબાઈ ૨૫૧ ફૂટની છે. અષ્ટકોણ કુવાની આસપાસના નકશી સુંદર છે. દ્વાર અષ્ટકોણ કુવાના છજામાં દરેક માળે પડે છે.[5] વાવમાં પ્રવેશતા જ પહેલા ચોકઠામાં બાર થાંભલાઓનો સમચોરસ મંડપ છે. મંડપની ચારે બાજુએ ચાર નાની ઓરડીઓ છે. દરેકમાં ઝરૂખા અને બારી છે. ઝરુખાઓ પૂર્વ અને પશ્ચિમાં ભીમુખ છે. તેના દરવાજા ઉતર અને દક્ષિણ બાજુએ છે. દીવાલમાં પશુઆકૃતીઓના કંદોરા, ઝરૂખાની નીચે તેમજ ગોળ ફરતા જણાય છે. આ રીતે કંડારેલા સુંદર ઝરૂખા મંડપનું શોભામાં વધારો કરે છે. આ વાવનું પ્રવેશદ્વાર જમીન લેવલથી ઊંચું અને બે બાજુ સીડીઓથી ચડાય[6] તેવું છે.

અડાલજની વાવમાં નવગ્રહોના શિલ્પો આવેલા છે. હિંદુ સ્થાપત્યમાં નવગ્રહોની ગોઠવણી પ્રાચીન અવકાશ વિદ્યા પ્રમાણે

પૃથ્વીની તેમના અંતર પ્રમાણે દુરના ગ્રહને પ્રથમ પછી ક્રમશ ગોઠવણી થાય છે. તેમાં સૌ પ્રથમ ૧.શનિ ૨. બૃહસ્પતિ (ગુરૂ) ૩. મંગલ ૪.સૂર્ય ૫. શુક્ર ૬. બુધ ૭. ચંદ્ર ની વાત કરેલી છે. આ ગોઠવણ માં ગૃહ દેવતાઓને અઠવાડિયાના દિવસોના ક્રમ પ્રમાણે ગોઠવવામાં આવ્યા છે. ડાબી બાજુથી પહેલી મૂર્તિ સૂર્યની છે. જે પોતાના હાથમાં સુર્યમુખી અથવા કમળ ધારણ કરેલ છે. ચંદ્રની મૂર્તિ ચતુર્ભુજ છે. અને તેના સૌથી ઉપરના હાથમાં હાથીનું અંકુશ ત્યાર પછીની મૂર્તિમાં શિલ્પીઓની ભૂલ અથવા તો તેમનું પૌરાણિક કથાઓનું અજ્ઞાન સતું થાય છે. અઠવાડિયાનો બુધ પણ બુધ ગ્રહના આધિપત્યને દિવસે છે. અને જેને બુદ્ધ સાથે કોઈ સંબંધ નથી. અહીં ગૌતમ બુદ્ધની પ્રતિમા કોતરે છે. ગુરુવારના અધિપતિ ગુરુની મૂર્તિ ફરી ચતુર્ભુજ છે. જે તેના મુખારવિંદ પર આવેલી લાંબી દાઢીથી વિદ્યમાન થાય છે. શુક્ર પણ ચતુર્ભુજ દર્શાવ્યા છે. અને તેના ઉપરના ડાબા હાથમાં એક ઉપર એક પાણીના પાત્ર ધારણ કરે છે. શનિ પણ ચતુર્ભુજ છે. અને ડાબા પગની નજીક બળદની કોતરણી કરેલી છે. રાહુ અને કેતુ છાયા ગ્રહો હોવાથી તેમની દિવસ નિયંત્રણમાં કોઈ સ્થાન નથી તેથી તેમની કોઈ પ્રતિમા નથી.[7]

અડાલજની વાવમાં પગથીયા વાળી ઓસરી પાંચ માળના ચાર મિનારાઓ ઉપર આવેલી છે. આને ટેકો આપતા ફૂટ ૧,૨ અને ૩ ના વચ્ચેનું અંતર ઓછું છે. ફૂટ ૩ અને ૪ના બાંધકામ ખાસ પ્રકારના છે. તેના ઉપર અષ્ટકોણીય કુવાના બાંધકામ નીચેથી પાંચ માળના મિનારા લાગે છે. આ પગથીયા વાળી ઓસરી તરીકે ઓળખવામાં આવે છે. એક બીજા ગોખમાં ગુજરાતી આકારની નવ ગાગર ત્રણ ત્રણની ઉતરડમાં કોતરેલી છે. બીજા ગોખમાં મુસ્લિમ કલ્પવૃક્ષ અને ચિરાગની આકૃતિઓ કંડારેલી છે.[8]

અડાલજની "વાવમાં ઉતરતા જે થાંભલાઓ આવે છે તે ઘણી જ ઉતમ કારીગરીના છે. મંડપની ચારેબાજુ પાણીયારીઓ માટે ઓરડીઓ કરેલી છે. એના ઝરૂખા મંડપની શોભામાં સારો વધારો કરે છે. ઝરૂખાની નીચે કંદોરા છે. એમાં હાથી વગેરેની આકૃતિઓ કોતરેલી છે."[9]

શિલ્પકૃતિઓ અને અલંકારોમાં કંદોરા, થાંભલા વચ્ચે ચોરસ ભાગમાં નાની કલાકૃતિઓ, ગોખલામાં ફરતે બારીક પરિક્રમા કોતરવામાં આવ્યા છે. ગોખલામાં શિલ્પ કામમાં ફૂલોના ચંદ્રાકાર શિલ્પ છે. ગોખલામાં પાંદડાવાળી વેલોની પણ કોતરણી કરેલી છે. કઠેડાને પાંદડા સ્વરૂપનું શિલ્પકામ કરવામાં આવ્યું છે. આડા પાટડા અને પહોળી પટ્ટીઓ છે. પશુઓ, પ્રાણીઓ, ઝઘડતા હાથીઓ અને સિંહો, ઘોડેસવાર અને ઘોડાઓની સંભાળ રાખતા લોકો દર્શાવવામાં આવ્યા છે. ભૌમિતિક આકારના કંદોરા સ્થાપત્યના બધા ભાગોને સુશોભિત કરે છે. દીવાલો પર કોતરવામાં આવેલા ફૂલ પાંદડાઓ તેમજ પશુઓના ચિત્રો છે. પ્રાણીઓના કંદોરા જીવંત દૃશ્યો કોતરેલા છે. જેમાં લડતા હાથીઓ, શણગારેલા હાથીઓ અને વૃક્ષ ઉપાડતા હોય તેવા દૃશ્યો, યુદ્ધ માટે

સજ્જ હાથીઓ વગેરે શિલ્પો વાવમાં કંડારેલા છે.[10]

આમ, ગુજરાતના વાવ સ્થાપત્યમાં મહિલાઓના યોગદાન મહત્વનું રહ્યું છે. ગુજરાતમાં મહિલાઓએ ૨૪ જેટલી વાવો બંધાવી છે. તેમાં લગ અલગ પ્રસંગો આધારિત વાવનું નિર્માણ થયેલું જોવા મળે છે. મહિલાઓના વાવ નિર્માણ કરવા પાછળ કેટલાક પરીવાલો જવાદાર હોય છે. તે પણ વાવના અભ્યાસના આધારે જાણી શકાય છે. મહિલાઓ કલા સ્થાપત્યમાં રસ રૂચી જોવા મળે છે. આમ મહિલાઓના ગુજરાતના સમૃદ્ધ સ્થાપત્ય કલામાં મહત્વનું યોગદાન રહ્યું છે.

પાદટીપ

1. પંડ્યા મહેશચંદ્ર, ઉતર ગુજરાતની વાવો, પથિક, દીપાવલી વિશેષાંક, ઓકટો.-ડીસેમ્બર-૧૯૯૯, ભો.જે.વિદ્યાભવન, અમદાવાદ, પૃ-૯૮
2. રાજગોર એસ.બી.(ચીફ એડિટર), ગુજરાત સ્ટેટ ગેઝેટિયર, ગાંધીનગર ડીસસ્ટ્રીક, ગવર્મેન્ટ ઓફ ગુજરાત, ગાંધીનગર, ૧૯૮૦, પૃ-૪૦૫.
3. શાસ્ત્રી હરિપ્રસાદ ગંગારામ, ગુજરાતના ઐતિહાસિક લેખ-ભાગ-૪ થો, સલ્તનત કાલ, ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ, પ્રથમ આવૃત્તિ,૧૯૭૯, પૃ-૪૫.
4. ગુજરાત વિશ્વકોશ,ખંડ-૧, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ,૧૯૮૯, પૃ-૯૬.
5. રત્નમણીરાવ ભીમરાવ, (સંપાદક-ભારતી શેલત, રશેસ જમીનદાર), ગુજરાતનું પાટનગર અમદાવાદ, ગુર્જર ગ્રંથ રત્ન કાર્યાલય અમદાવાદ, પ્રથમ આવૃત્તિ-૧૯૨૯, બીજી આવૃત્તિ-૨૦૧૪, પૃ-૪૨૩.
6. આર્કોલોજીકલ સર્વે ઓફ વેસ્ટન ઇન્ડિયા, વોલ્યુમ-૮, મુહમમદન આર્કિટેકચર ઓફ અહમેદાબાદ, આર્કોલોજીકલ સર્વે ઓફ ઇન્ડિયા, દિલ્હી, ૧૯૯૭. પૃ-૧૦.
7. એજન, પૃ-૧૧-૧૨.
8. આચાર્ય નવીનચંદ્ર આનંદીલાલ, ગુજરાતનો સંસ્કૃતિક ઈતિહાસ (ઈ.સ.૧૩૦૪ થી ૧૮૧૮), યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય અમદાવાદ, પ્રથમ આવૃત્તિ-૧૯૮૪, પૃ-૮૯.
9. જોટે, રત્નમણીરાવ ભીમરાવ ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ ઇસ્લામ યુગ:ખંડ ૨, ગુજરાત વિદ્યાસભા અમદાવાદ,૧૯૬૪, પૃ-૬૮૯.
10. અડાલજની વાવ, રૂબરૂ મુલાકાત, તારીખ-૨૧/૦૧/૨૦૧૭.